

## આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી ખાતે પતંગ મહોત્સવની ઉજવણી

આદિશ્વર કોલેજ ઓફ ટેકનોલોજી-વિનસના સ્પોર્ટસ ગ્રાઉન્ડમાં લગભગ ૧૨૦૦ જેટલા આર્કિટેક્ચર, એન્જીનિયરિંગ તથા ફિઝીયોથેરાપીના વિદ્યાર્થીઓએ પતંગબાજીની મજા લીધી હતી. કોલેજ મેનેજમેન્ટ તરફથી વિદ્યાર્થીઓને પતંગ અને ફીરકી ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. ઉત્તરાયણની પરંપરા મુજબ ઊંધીયું, જલેબી અને ચીકી સાથે તહેવારની ઉજવણી કરી હતી. લપેટ શોર સાથે સંગીતની ધમાલથી કોલેજનું મેદાન ગૂંજી ઉઠ્યું હતું.

## આજથી સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાના બાળકોનું મુલ્યાંકન

તા. ૧૬, ૧૭ અને ૧૮ જાન્યુઆરી દરમિયાન હિંમતનગર તાલુકાના ૧૨ રૂટ દ્વારા ૨૫૪ પ્રાથમિક શાળાઓ, પ્રાંતિજ તાલુકાના ૩ રૂટ દ્વારા ૧૨૪ પ્રાથમિક શાળાઓ, તલોદ તાલુકાના ૮ રૂટ દ્વારા ૧૬૫ પ્રાથમિક શાળાઓ, ઈડર તાલુકાના ૬ રૂટ દ્વારા ૨૩૦ પ્રાથમિક શાળાઓ, વડાલી તાલુકાના ૬ રૂટ દ્વારા ૧૧૦ પ્રાથમિક શાળાઓ, ખેડબ્રહ્મા તાલુકાના ૩ રૂટ દ્વારા ૧૧૫ પ્રાથમિક શાળાઓ, પોશીના તાલુકાના ૫૭ રૂટ દ્વારા ૧૮૫ પ્રાથમિક શાળાઓ અને વિજયનગર તાલુકાના ૩ રૂટ દ્વારા ૧૩૭ પ્રાથમિક શાળાઓના બાળકોનું વાંચન, લેખન અને ગણનનું મુલ્યાંકન કરાશે.

# ગાયોને ઘાસ ખવડાવી પરત ફરતા પરિવારને અકસ્માત : મહિલાનું મોત

### છાલા પાસે ઉભેલી કારને પાછળથી બીજી કારની ટક્કરથી સર્જાયેલ અકસ્માતમાં બે પરિવારજનોને ઈજા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના જાખોરા ખાતે રહેતા નરેન્દ્રકુમાર કૈનૈયાલાલ સોની મારૂતિ ૮૦૦ નં. જીજે.૧૮.એ.એચ.૭૫૮ કારમાં પત્ની મંજુલાબેન, દિકરી કિરણ, નાના ભાઈની પત્ની ચંદાબેન અને ભત્રીજો નકશ વગેરે ખેડ ચાંદરણી હિંમતનગર ખાતે પોતાના બાપુજીના ઘરેથી રાત્રી રોકાણ કરી બપોરે નીકળી હિંમતનગરથી ચિલોડા મોટા ને.હા. નં. ૮ ઉપર છાલા ગામ નજીક જય બાબારી ગૌશાળાની સામે રોડ ઉપર કાર સાઈડની કિનારી ઉપર ઉભી રાખી રોડ ક્રોસ કરી ગૌશાળામાં ગાયોને ઘાસ ખવડાવી પરત આવવા જતાં હિંમતનગરથી આવતી ટાટા ઈન્ડીકા વિસ્ટા કાર નં. જીજે.૦૧.કે.ઈ.૯૨૯૯ પૂરઝડપે અને ગફલત રીતે હંકારી ઈન્ડિકા કારના ચાલકે નાના ભાઈની પત્ની ચંદાબેન, મંજુલાબેન, દિકરી કિરણને ટક્કર મારી હતી. જેમાં ચંદાબેનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ અને મંજુલાબેન તેમજ કિરણ ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્ત મંજુલાબેન અને કિરણને છાલા સરકારી દવાખાને સારવાર અર્થે લઈ જવાયા હતા. જાખોરના સરપંચ કમલેશભાઈ પટેલે ઘટનાસ્થળે આવતા ઈજાગ્રસ્ત મંજુલાબેનને નરોડા વેદાંત હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યારે ચંદાબેન મૃત્યુ અર્થે અકસ્માતનો ગુનો એ.એસ.આઈ. હીરાજી ખાંટની ફરિયાદના આધારે નોંધ્યો હતો ને તપાસ ચલાવી રહ્યા છે.

## અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

સમી પ્રતાપની સેના જોજનો સુધી પથરાયેલા જંગલમાં રહીને એ નવા યુદ્ધની તૈયાર કરતી હતી. ભીલ સમાજ પ્રતાપ પ્રત્યે નિષ્ઠા ધરાવતો અને રાણા કીકા તરીકે એમને ગણતો. પ્રતાપની સંપત્તિ વિશે કિવદંતીઓ ખૂબ પ્રચલિત છે. તેમના માટે ભામાશાએ પોતાની સંપત્તિ અર્પણ કરી કે મહારાણાની દીકરી ઘાસનો રોટલો ખાતી હતી અને જંગલી બિલાડો ઝૂંટવી જતાં એ રડતી હતી. આ બધી ગપગોળા સમાન કથાઓ હતી.કર્નલ ટોડે પણ રાજસ્થાનના ઈતિહાસમાં ઘણાં ગપ્પાં માર્યા છે.

ઐતિહાસિક તથ્ય એ છે કે વિશાળ જંગલમાં પણ રાજવી પરિવારના ૧૦૦૦ સભ્યો સાથે મહારાણા સુખચેનથી રહેતા હતા એટલું જ નહીં, બ્રાહ્મણો અને ચારણોને એ ગામો અને અન્ય દાન આપતા હતા. ભામાશાએ તેમને અર્પણ કરેલી સંપત્તિ હકીકતમાં મહારાણાની જ હતી એટલું જ નહીં, તેઓ રોજ ૧ રૂપિયા, ૧ તોલા સોના તથા ૧૦૮ બ્રાહ્મણોને ભોજનદાન આપતા હોવાની નોંધ રાજસ્થાન સરકારની હિંદી ગ્રંથ અકાદમીએ પ્રકાશિત કરેલા 'મહારાણા પ્રતાપ'માં કરવામાં આવી છે. ચાવંડને રાજધાની બનાવનાર મહારાણા પ્રતાપ ગેરિલા યુદ્ધકળામાં નિષ્ણાત હતા. જંગલમાં એ પોતાની રાણીઓ અને રાજકુમારો સાથે રહેતા હતા.આજે પણ આવા પ્રતાપને ભારતીય પ્રજા રાષ્ટ્રનાયક તરીકે જુએ છે.પ્રતાપ અને અકબર વચ્ચેના સંઘર્ષને કેટલાક હિંદુ-મુસ્લિમ સંઘર્ષ તરીકે નિહાળે છે પણ ઈતિહાસકારો એને સામ્રાજ્યવિસ્તારક મુઘલ અને આક્રમણકારી વિદેશી આક્રાન્તા સામે ક્ષત્રિય ધર્મ નિભાવનાર પ્રતાપ વચ્ચેનો જ સંઘર્ષ લેખે છે.બંને પક્ષે હિંદુ અને મુસ્લિમ સેનાપતિ કે સરદારો હતા.પ્રતાપની અડધી સેનાનું નેતૃત્વ હકીમખાં સૂર કરી રહ્યા હતા તો સામે પક્ષે અકબરની સેનાના સૂત્રધાર કુંવર માનસિંહ કછવાહા હતા. એટલે મેવાડ અને મુઘલ વચ્ચેના સંઘર્ષને હિંદુ –મુસ્લિમ સંઘર્ષ ગણાવી શકાય નહીં.

-haridesai@gmail.com

## નૌકા દુર્ઘટના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રૂપિયાની અને ગંભીર રીતે ઘાયલ થયેલાના પરિવારને ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. આ અગાઉ બિહાર સરકારે દુર્ઘટનામાં માર્યા ગયેલા પરિવારના સભ્યોને ચાર ચાર લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. આ ઘટના બાદ જેડીયુએ મકરસંક્રાંતિના પ્રસંગે આયોજિત કાર્યક્રમને રદ કર્યો હતો. મુખ્યમંત્રી નીતિશકુમારે તપાસનો આદેશ પણ કર્યો હતો. ઉત્તરાયણના પર્વ પર લોકો પતંગ ઉત્સવમાં ભાગ લઈને પરત ફરી રહ્યા હતા તે વેળા આ બનાવ બન્યો હતો. એવું જાણવા મળ્યું છે કે નૌકામાં વધારે પડતા લોકો હોવાના કારણે આ ઘટના બની હતી.

## ફિંગર પ્રિન્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થોડાક સપ્તાહમાં આને શરૂ કરવામાં આવી શકે છે. આંધ્રપ્રદેશમાં વાજબી ભાવની દુકાનોમાં આની શરૂઆત કરી દેવામાં આવી છે. યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયાના સીઈઓ અજય ભુષણ પાંડેએ કહ્યું છે કે આધાર સંબંધિત પેમેન્ટ સિસ્ટમ અથવા તો આધાર પેની શરૂઆત કરવામાં આવનાર છે. વેપારીઓ માટે એક એપ રહેશે. જેનો ઉપયોગ કરીને કસ્ટમરોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન મારફતે પેમેન્ટ મળી શકશે. તેમના આધાર નંબર સાથે જોડાયેલા તેમના બેંક ખાતા આની સાથે રહેશે. આંધ્રપ્રદેશમાં વાજબી ભાવની દુકાનોમાં આની શરૂઆત કરવામાં આવી છે. અહીં દુકાનદારો પીડીએસ લાભ મેળવાર લોકો પાસેથી આ રીતે પેમેન્ટ સ્વીકારી રહ્યા છે. પરિણામ ખૂબ જ સારા રહ્યા છે. પ્રવર્તમાન આધાર સંલગ્ન પેમેન્ટ સિસ્ટમનો ઉપયોગ કરવાના વિચાર હાલમાં જ આવ્યા હતા.

## કોંગ્રેસમાં જોડાયા.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવે છે કે પંજાબ ચૂંટણી પહેલા કોંગ્રેસમાં સામેલ થવાથી પાર્ટીને ફાયદો થઈ શકે છે. પંજાબની રાજનીતિમાં મોટી ભૂમિકા અદા કરવાની તક ન મળતા નારાજ થઈને સિદ્ધુએ ભાજપ સાથે છેડો ફાડી લીધો હતો. એવી ચર્ચા હતી કે નવજોત સિદ્ધુ આમ આદમી પાર્ટીમાં સામેલ થશે પરંતુ આમ આદમી પાર્ટીમાં પણ મોટી ભૂમિકા ન મળવાને લઈને સિદ્ધુની વાત આગળ વધી શકી ન હતી. ત્યારબાદ સિદ્ધ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થશે તેવી ચર્ચા છેડાઈ ગઈ હતી. આજે આ ચર્ચાઓનો અંત આવી ગયો હતો. નવજોત સિદ્ધુના પત્ની નવજોત કૌર પહેલાથી જ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ ચુક્યા છે. કોંગ્રેસે પહેલાથી જ કહ્યું હતું કે સિદ્ધુ દંપત્તિ પૈકી કોઈ એકને જ ચૂંટણીમાં મેદાનમાં ઉતારવા માટે ટિકિટ આપવામાં આવશે. સિદ્ધુ આના માટે રાજી પણ થઈ ગયા હતા. એમ કહેવામાં આવે છે કે નવજોત સિદ્ધુને તેમની પસંદગીની અમૃતસર સીટમાંથી મેદાનમાં ઉતારવામાં આવી શકે છે. જ્યાંથી સિદ્ધુ લોકસભા સાંસદ તરીકે રહી ચુક્યા છે.

## ભવ્ય ઉજવણી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે ધાબા પર ગરબાના સુર પણ રેલાયા હતા. ઉતરાયણ પર્વ દરમિયાન ચાઈનીઝ બનાવટના પતંગો દોરી તેમજ ગુબારા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. છતા આ વખતે પણ ઢળતી સાંજે આકાશમાં ગુબારા ઉડતા નજરે પડયા હતા. પલવારમાં તો આકાશ ગુબારીથી ભરાઈ ગયુ હતુ. પ્રતિબંધની અસર નહીંવત જોવા મળી હતી. ઉતરાયણની સાથે બીજા દિવસે રવિવારે વાસી ઉતરાયણના દિવસે પણ પતંગોત્સવનો રંગ જામ્યો હતો. નગરજનોએ ઉતરાયણની જેમ જ રજા હોવાથી આખો દિવસ પતંગની મજા લુંટી હતી. નગરજનો દિવસ દરમિયાન ધાબે જોવા મળ્યા હતા. સવારે અને સાંજે નભમાં વિહરતા પક્ષીઓને બચાવવા માટે કેટલાક પક્ષી પ્રેમીઓએ પંતગ ચગાવાનુ ટાળ્યુ હતુ. જયારે દિવસ દરમિયાન પતંગની કાતિલ દોરીના લીધે ૧૦૦ જેટલા પક્ષીઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. જો કે વનતંત્ર અને સ્થાનિક એન જી ઓની મદદથી આ ઘાયલ પક્ષીઓને સારવાર આપી નવી ઉડાન આપવામાં આવી હતી.

## રાજ્યમાં ૧૫માં ક્રમે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મેરીટમાં સ્થાન મેળવનાર ૧૩૫ બાળકોને રૂ. ૬ હજારની વાર્ષિક સ્કોલરશીપ તેમના શિક્ષણ સુધી મળશે. આ સ્કોલરશીપ ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે.રાજ્યમાં ૯૧,૩૫૨ બાળકોએ આ સ્કોલરશીપ માટેની પરીક્ષા આપી હતી. જેમાં ૪૪,૪૪૦ બાળકો ક્વોલીફાય થયા છે જ્યારે ૪,૯૪૩ બાળકો મેરીટમાં આવ્યા છે. રાજ્યમાં દર વર્ષએ પાંચ હજાર બાળકોને આ સ્કોલરશીપ આપવામાં આવે છે.

જિલ્લામાં પ્રથમ નંબરે અને રાજ્યમાં ૧૫મા ક્રમે દહેગામની દાનાભાઈના પરામાં આવેલ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની રિંકલ ખોડાજી સોલંકીએ ૧૪૩ ગુણાંક મેળવી મેળવ્યો છે.

ગાંધીનગર શહેર નજીક અડીને આવેલ વાવોલ પ્રા. શાળાના દસ બાળકો આ પરીક્ષામાં બેઠા હતા જેમાંથી ૭ ક્વોલીફાય થયા છે જ્યારે રાજાજી અરજણજી ઠાકોરે મેરીટમાં સ્થાન મેળવી વાવોલનું ગૌરવ વધારેલ છે. રાજાજી ઠાકોરને ૧૨૭ ગુણાંક પ્રાપ્ત થયેલ છે.

મળેલી વિગતો મુજબ જ્યોતિ વિદ્યાલય રિદ્રોલના પટેલ શાલ્વી નરેન્દ્રકુમારે ૧૪૩ ગુણાંક મેળવ્યા છે. તો લોદરાની કેસીએમ પ્રાયમરી સ્કૂલના સુથાર કુશાલકુમાર અમીતકુમારે ૧૪૦ ગુણાંક પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત છત્રાલની પટેલ પરીનાબેન સતીસભાઈએ પણ ૧૪૦ ગુણાંક પ્રાપ્ત કર્યા છે. દહેગામના દાનાભાઈના પરામાં આવેલ પ્રા. શાળાનો વિદ્યાર્થી ચૌહાણ જગદીપસિંહ ખોડુસિંહે પણ મેરીટમાં સ્થાન મેળવ્યુ છે.

ઈટાદરા પ્રા. શાળાના બે વિદ્યાર્થીઓએ, ઉપરાંત છત્રાલ, પડુસ્મા અને સૌલેયાના છાત્રોએ પણ મેરીટમાં સ્થાન મેળવી અને જિલ્લાને ગૌરવ અપાવેલ છે.

ગુણોત્સવનો આરંભ આજથી થવાનો છે તેના એક દિવસ અગાઉ આવેલા જવલંત પરિણામથી જિલ્લાના શિક્ષણ જગતમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામેલ છે. મેરીટમાં સ્થાન પામનાર ૧૩૫ બાળકોને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી રાઠોડ તેમજ આસિ. પ્રા. શિક્ષણાધિકારી સંજય પરમારે ખાસ અભિનંદન પાઠવી બાળકો તેમજ શિક્ષણ ટીમને ગૌરવ પ્રાપ્ત કરી જિલ્લાનું નામ વધુ રોશન કરવા શુભેચ્છાઓ પાઠવી છે.


## ધનસુરા તાલુકાના પંડિત દિન દયાલ વ્યાજબી ભાવની દુકાનદારો ગાંધીનગર સમાચારના વાચકો, શુભેચ્છકોને હાર્દિક શુભેચ્છા પાઠવે છે...

| | | | | |
|---|---|---|---|---|
| જી. કે. મેસરીયા<br>અંબાસર<br>મો. ૯૪૨૯૩ ૮૪૭૧૬ | એસ. બી. ખાંટ<br>ધનસુરા<br>મો. ૯૮૨૫૦ ૯૧૫૮૦ | નારણપુરા સે.સ. મંડળી<br>નારણપુરા<br>મો. ૯૫૮૬૪ ૭૭૭૪૨ | ડી. બી. રાઠોડ<br>લાલીનોમઠ<br>મો. ૯૭૨૭૮ ૯૦૩૪૪ | હીરાપુર સે.સ. મંડળી<br>હીરાપુર<br>મો. ૯૪૨૬૫ ૦૮૨૯૭, ૯૯૦૯૨ ૩૪૦૯૭ |
| એસ. કે. મેસરીયા<br>આમોદરા<br>મો. ૯૯૭૯૫ ૬૮૦૩૮ | એસ. એ. પરમાર<br>ધામણીયા<br>મો. ૯૮૭૯૫ ૩૪૫૧૪ | રમાણા સે.સ. મંડળી<br>રમાણા<br>મો. ૯૬૮૭૪ ૧૮૭૭૬ | પી. એસ. તલાર<br>કરણપુર<br>મો. ૯૪૨૮૦ ૨૯૮૭૧ | જસવંતપુરા સે.સ. મંડળી<br>જસવંતપુરા<br>મો. ૯૬૮૭૮ ૭૨૮૮૦ |
| પી. એચ. ભરવાડ<br>બારનોલી<br>મો. ૯૯૨૫૪ ૨૯૬૯૨ | જામઠા સે.સ. મંડળી<br>જામઠા<br>મો. ૯૯૨૫૫ ૫૨૮૪૫ | રમોસ સે.સ. મંડળી<br>(એસ.કે. મેસરીયા આમોદરા જોડે ચાર્જમાં)<br>રમોસ<br>મો. ૯૯૭૯૫ ૬૮૦૩૮ | દાતાર સખી મંડળ<br>પાંચકુહાડા<br>મો. ૯૮૨૪૩ ૮૭૧૩૯ | એ. ડી. પરમાર<br>(બી. વી. ભરવાડ, સીમલી જોડે ચાર્જમાં)<br>કરોલી<br>મો. ૯૯૦૯૩ ૧૧૨૩૧ |
| ડી. એમ. બામણીયા<br>આકડીયાના મુવાડા<br>મો. ૯૯૭૮૦ ૫૯૩૯૭ | કે. આર. રાઠોડ<br>કીડી<br>મો. ૯૮૭૯૨ ૬૧૬૨૪ | પી. એન. સુથાર<br>શીકા<br>મો. ૭૬૯૮૨ ૭૩૨૭૨ | આકરૂન્દ મંડળી<br>આકરૂન્દ<br>મો. ૯૪૨૯૬ ૮૬૬૭૨ | બી. વી. ભરવાડ<br>સીમલી<br>મો. ૯૯૦૯૩ ૧૧૨૩૧ |
| ગોપાલસિંહ બી. ડાભી<br>બુટાલ<br>મો. ૯૯૧૩૦ ૭૮૩૪૮ | કોલવડા સે.સ.મંડળી<br>કોલવડા<br>મો. ૯૪૦૯૨ ૨૧૩૮૬ | શીકા સે.સ. મંડળી<br>શીકા<br>મો. ૯૯૨૫૦ ૭૩૧૮૦, ૯૯૦૪૩ ૫૬૧૮૯ | બી. બી. રાઠોડ<br>આકરૂન્દ<br>મો. ૯૪૨૯૭ ૫૬૬૬૯ | એન. એસ. ભરવાડ<br>ખડોલ<br>મો. ૯૪૦૯૩ ૩૬૨૯૪ |
| વી. કે. ડાભી<br>બુટાલ-૨<br>મો. ૯૫૮૬૭ ૭૨૧૦૦ | કે. એમ. મકવાણા<br>ખીલોડીયા<br>મો. ૯૬૮૭૨ ૨૯૫૯૭૭ | ગારૂડીકંપા સે.સ. મંડળી<br>(નારણપુરા જોડે ચાર્જમાં)<br>જુની શિણોલ<br>મો. ૯૫૮૬૪ ૭૭૭૪૨ | એન. કે. બારોટ<br>આકરૂન્દ<br>મો. ૯૪૨૮૧ ૩૩૨૪૨ | લાલુકંપા સે.સ. મંડળી<br>(આકરૂન્દ મંડળી જોડે ચાર્જમાં)<br>લાલુકંપા<br>મો. ૯૪૨૯૬ ૮૬૬૭૨ |
| આઈ.બી. પ્રજાપતિ<br>(ડી. જે. ખાંટ, દોલપુર જોડે ચાર્જમાં)<br>ભેંસાવાડા<br>મો. ૯૭૬૭૧ ૭૮૩૩૭, ૯૯૦૯૧ ૯૫૯૦૪ | બી. ડી. ભરવાડ<br>લાલપુર<br>મો. ૯૯૦૯૫ ૧૩૫૨૯ | એ. કે. પટેલ<br>(બી.એચ. પટેલ, વડાગામ જોડે ચાર્જમાં)<br>વડાગામ<br>મો. ૯૯૧૩૯ ૯૧૪૯૭, ૦૪૨૯૫ ૪૫૧૭૪ | એચ. એમ. બાવા<br>કેશરપુરા (બોરડીટીંબા)<br>મો. ૯૪૨૮૭ ૭૩૫૮૨ | એ. એચ. રબારી<br>નાંણા<br>મો. ૮૫૧૧૯૫૮૬૮૪ |
| ડી. જે. ખાંટ, દોલપુર<br>દોલપુર<br>મો. ૯૭૬૭૧ ૭૮૩૩૭, ૯૯૦૯૧ ૯૫૯૦૪ | બી. એફ. પગી<br>મલેકપુર<br>મો. ૯૪૨૮૪ ૮૪૦૨૨ | બી. એચ. પટેલ<br>વડાગામ<br>મો. ૯૯૧૩૯ ૯૧૪૯૭, ૦૪૨૯૫ ૪૫૧૭૪ | બીલવણીયા સે.સ. મંડળી<br>બીલવણીયા<br>મો. ૯૫૮૬૩ ૩૧૪૯૧ | વાંટડાસુકા સે.સ. મંડળી<br>વાંટડાસુકા<br>મો. ૭૨૦૨૯૦૭૮૩૨ |
| પી. આર. રાઠોડ<br>ધનસુરા<br>મો. ૯૮૨૫૨ ૮૭૩૫૫ | નવી શીણોલ મંડળી<br>(કીડી જોડા ચાર્જમાં)<br>નવી શીણોલ<br>મો. ૯૮૭૯૨ ૬૧૬૨૪ | એમ. ડી. સોલંકી<br>વડાગામ<br>મો. ૯૯૨૫૧ ૭૭૯૬૯ | હીરાપુર કંપા સે.સ. મંડળી<br>(હીરાપુર મંડળી જોડે ચાર્જમાં)<br>હીરાપુર કંપા<br>મો. ૯૪૨૬૫ ૦૮૨૯૭, ૯૯૦૯૨ ૩૪૦૯૭ | કે. આર. સોલંકી<br>કામલી<br>મો. ૯૪૨૭૪૫૮૯૭૩ |